# ખેડબ્રહ્માામાં બગીચો તથા હરણાવ નદી બ્યુટીફીકેશનના કામથી શહેરની રોનક બદલાઈ

## રૂ. ૬૦૬.૩૮ લાખના ખર્ચે વિવિધ ૭૬ વિકાસ કામો કરવામાં આવ્યા : પ્રજામાં આનંદ

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં સરકારની વિવિધ ગ્રાન્ટોથી ૭૬ જેટલા રૂ. ૬૦૬.૩૮ લાખના વિકાસ કામો પૂર્ણ કરવામાં આવ્યા હતા. જેના એક કામ પૂર્ણતાના આરે છે. જે હરણાવ નદીના કિસાને બગીચો તથા લેન્ડ સ્કેપીંગ તથા બ્યુટીફીકેશનનું કામ મુખ્ય છ રસ્તાઓ ઉપર રૂ. ૭૬.૬૮ લાખના ખર્ચે ટી-૪ લાઈનો નાખી શહેરને ઝળહળતુ કરવામાં આવ્યું છે. હણવાવ-કોસંબી અને ભિમાક્ષી નદીના ત્રિવેણી સંગમ પર રૂ. ૪૦.૬૫ લાખના ખર્ચે ઘાટ બનાવવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યુ ંછે. રૂ. ૪૦.૫૫ લાખના ખર્ચે શહેરના આ ઉપરાંત રૂ. ૪૧.૦૮ લાખના ખર્ચે ચીખલા પેટાપરાના રસ્તાનું કામ બ્રહ્માજી ચોક અને વાવના વિકાસનું કામ ગંદા પાણીના નિકાલનું કામ વગેરે કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આમ પાલિકા વિસ્તારમાં રૂ. ૬૦.૪૮ લાખના ૭૬ વિકાસના કામોમાં રૂ. ૨૦૫.૪૮ લાખના ખર્ચ હરણાવ



લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં સરકારની વિવિધ ગ્રાન્ટો ૧૩માં નાણાંપંચ-સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, નગર નંદનવન યોજના, વિવેકાધિન જોગવાઈઓ, ચોમાસા ગ્રાન્ટ વગેરે અંતર્ગત ૭૬ જેટલા કામ કરી શહેરની સુવિધામાં વધારો કરી શહેરની કાયાપલટના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. જેમાં રૂ. ૪૪.૯ લાખના ખર્ચે હરણાવ નદી કિનારે બગીચો વિકસાવવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યુ ંછે. શહેરના સ્લમ વિસ્તાર સહીતના અન્ય વિસ્તારોમાં નવ આંગણવાડીના મકાનો બનાવવામાં આવ્યા છે. વી રૂ. ૧૪૦.૯૮ લાખના ખર્ચે શહેરમાં નાના-મોટા રસ્તાના કામ કરી લોકોની સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. નગરપાલિકાની ઓફીસને અત્યાધુનિક બનાવવા રૂ. ૬૬.૩૦ લાખની રકમ વાપરી ઈન્સ્ટીરીયર ડેકોરેશન જનસેવા કેન્દ્ર વગેરેનું ફર્નીચરનું કામ કરવામાં આવ્યું છે. રૂ. ૪૭.૩૪ લાખના ખર્ચે સ્મશાન વિકાસના પાંચ કામો પૂર્ણ કરાયાં છે. નદીના કિનારે લેન્ડ સ્કેપીંગ અને બ્યુટીફીકેશનનું કામ પૂર્ણતાના આરે છે. આ ઉપરાંત રૂ. ૨૧૦.૧૭ લાખના ખર્ચવાળા ભીલકા તળાવ બ્યુટીફીકેશન, સરદાર ચોક બ્યુટીફીકેશન, મુખ્ય બજારમાં લાઈટના થાંભલા, સાઈડમાં ખસેડવાનું કામ તથા પંખેશ્વર મહાદેવ મંદિર પાસેના સ્મશાનગૃહને વિદ્યુત આધારીત કરવાના કામ મંજુર થયા છે. આમ નગરપાલિકા વિસ્તારમાં વિકાસના કામો થતા શહેરની રોનકમાં વધારો થશે અને શહેરની કાયાપલટ થશે.

## પોદાર સ્કુલનો મહેસાણામાં શુભારંભ

ગાંધીનગર, તા.૯

પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા રાજયમાં વધુ એક સ્કુલનો શુભારંભ કરવામાં આવશે. આગામી એપ્રિલ મહીનામાં મહેસાણા રીંગ રોડ પર સ્કુલનો પ્રારંભ કરવામાં આવશે. નર્સરીથી ધોરણ-૫ સુધી પ્રવેશ શરુ કરવામાં આવશે.

દેશમાં પોદ્દાર સ્કુલ ૭૮ શાળાઓના માધ્યમથી વર્ષે ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ પીરસે છે. ત્યારે વિદ્યાર્થીઓના હિતાર્થે આગામી એપ્રિલ મહિનામાં મહેસાણામાં વધુ એક સ્કુલનો શુભારંભ કરશે. જેમાં નર્સરીથી ધોરણ-૫ સુધી પ્રવેશ શરુ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ૧૯૨૭ની સાલમાં ઉદ્યોગપતિ આનંદીલાલ પોદ્દારે શાળાની સ્થાપના કરી સ્થંભ રોપ્યો હતો. પોદ્દાર ગૃપ આજે એક વટવૃક્ષ બની શિતળ છાંયો આપવાનું શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરી રહી છે.

## ઓરાણ હાઈસ્કુલમાં શિક્ષકનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઓરાણ ખાતે આવેલ શેઠ એમ.કે. ગૃપ હાઈસ્કુલમાં નિવૃત્ત થતાં શિક્ષકનો વિદાય સમારંભ તથા ધો-૧૦ ને ૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા સમારંભ યોજાયો હતો.

પ્રાંતિજ નજીક આવેલ ઓરાણ ગ્રુપ કેળવણી સંચાલિત શેઠ એમ.કે. ઓરાણ ગૃપ હાઈસ્કુલમાં તા. ૯-૩-૨૦૧૫ને સોમવારના રોજ સરકારી ધારા ધોરણ મુજબ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા શિક્ષક પટેલ નટુભાઈ કે જેવો શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને તેવો વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા શાળા પરિવાર તથા કેળવણી મંડળ દ્વારા તેમનો સન્માન સમારંભ યોજાયો હતો. જયારે આ પ્રસંગે શાળાના ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો પણ આવનાર પરીક્ષાનો લઈને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જયારે શાળાના તેજસ્વી તારલાઓને પણ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## મનરેગા યોજના ચાલુ રાખવા માંગ

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં રહેતી મહિલાઓની મુશ્કેલીઓ ઉકેલવા માટે તથા મનરેગા યોજના અગાઉની જેમ ચાલુ રાખવા માટેની માંગ કરી સોમવારે હિંમતનગરમાં શબરી સંગઠન દ્વારા રેલી કાઢી જિલ્લા કલેકટર કચેરીમાં આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

આવેદનપત્રમાં જણાવાયા મુજબ શબરી સંગઠન દ્વારા સોમવારે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં યોજાયેલ મહિલા સંમેલન બાદ રેલી કાઢવામાં આવી હતી. ત્યારબાદ તૈયાર કરાયેલા આવેદનપત્રમાં એકલ (વિધવા-ત્યકતા) મહિલાઓને માસિક પેન્શન, અસંગઠિત ક્ષેત્રની મહિલાઓને સમાન કામ-સમાન વેતન, મહિલાઓને પિયર અને સાસરીપક્ષમાં સંપત્તિમાં સરખો અધિકાર મેળવો જોઈએ.

એકલ મહિલાઓના બાળકોના ભરણપોષણ માટે રાજસ્થાન અને હિમાચલપ્રદેશમાં સરકાર દ્વારા અપાતા વીતિય સહયોગની યોજના ગુજરાતમાં ચાલુ કરવી જોઈએ. તેમજ મનરેગા યોજના દેશના ૨૦૦ જિલ્લાઓમાં ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે. જયારે બાકીના જિલ્લાઓમાં આ યોજના બંધ કરવાની હિલચાલ શરૂ કરાઈ છે, જે બંધ કરવી જોઈએ. તેમજ જમીન સુધારણા તથા જળસંચયના કામો સત્વરે શરૂ કરવા જોઈએ તેમ કલેકટરને અપાયેલા આવેદનપત્રમાં જણાવાયુ છે.

# પ્રાંતિજ હાઈવે પરની હોટલોમાં ચાલતા ગોરખધંધા તરફ તંત્રના આંખ મિંચામણા

પ્રાંતિજ, તા.૯

સાબરકાઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ હોટલો ગેસ્ટહાઉસોમાં પુરાવા વગર કે કોઈ ડોકયુમેન્ટ વગર સીધી એન્ટ્રી આપવામાં આવે છે અને દિવસ દરમિયાન હજારો રૂપિયાની કમાણી કરી લેવાય છે. જેની જવાબદારી છે તે તંત્ર હપ્તાના પાટાતળે આવી જતા ચુપકીદી સેવી રહ્યું છે.

પ્રાંતિજ તથા તાલુકામાં નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ગેસ્ટહાઉસોમાં આજકાલ ગોરખધંધા નો વેપાર જોવા મળી રહ્યો છે. હાઈવે ઉપર આવેલ નામચીન સહિતના ગસ્ટ હાઉસો ઉપર દિવસ દરમિયાન ૧૦૦થી પણ વધારે લોકોની અવર જવર બે નંબરમાં થાય છે પણ તેમની કોઈ પણ જાતની ચોપડે નોંધ કે આઈડી પ્રુફ કે પુરાવા લેવામાં આવતા નથી અને એક કલાક કે અડધો કલાકના ૩૦૦ થી ૫૦૦ રૂપિયા ખંખેરી લેવાય છે. જાણવા મળ્યા પ્રમાણે કેટલીક હોટલોના વેઈટરો દ્વારા મોબાઈલ ફોન ઉપર યુવતીઓના કોન્ટેકટ તથા તેમના દલાલોના કોન્ટેકટ કરી આપતા હોય છે. જેમાં હોટલ માલિક તથા ગેસ્ટહાઉસ માલિકોની રાહબરી હેઠળ આખુંય રેકેટ ચાલતું હોય છે. અને ઘણીવાર તો આજુબાજુના વિસ્તારના જ લોકો ગેસ્ટહાઉસની મુલાકાત લેતા હોય છે અને રોજીંદા અને કાયમી ગ્રાહકો હોવાથી તેઓની એન્ટ્રી પણ પાડવામાં આવતી નથી અને સીસી કેમેરાઓ પણ બંધ રખાતા હોવાથી કે ના હોવાથી આવનાર ગ્રાહકોને નજીક તથા સગવડ મળી રહેતા મોં માંગ્યા પૈસા આપી જાય છે. તંત્ર દ્વારા આવા ગેસ્ટ હાઉસમાં કે હોટલો ઉપર રેડ પાડવામાં આવતી નથી અને હોટલ ગેસ્ટહાઉસ માલિકો બિંદાસ પણે હોટલોની આડમાં ગોરખધંધા ચલાવતા હોય છે ત્યારે જિલ્લા કલેકટરના આદેશનો છડેચોક હપ્તાની લ્હાણીમાં તંત્ર નજર અંદાજ કરે છે. પણ જો તંત્ર દ્વારા ખરેખર તપાસ થાય તો કેટલાક હોટલ ગેસ્ટ હાઉસની આડમાં ચાલતી રંગીન રાસલીલાઓનો પર્દાફાશ થાય તેમ છે તેમજ નામચીન હોટલો પણ આમાંથી બાદ રહે તેમ નથી. કેટલાક હોટલ ગેસ્ટહાઉસના લાયસન્સ રીન્યુ પણ કરેલ નથી અને ગંદકીના ઢગ પણ જોવા મળે છે અને તંત્ર દ્વારા કુંભ કર્ણ નિંદ્રામાંથી જાગી ખરેખર રેડ પાડવામાં આવે તો ગોરખ ધંધાઓ ઉપર બ્રેક લગાવી શકાય તેમ છે નહીં તો ચલતા હે રહેતા હે જેવી સ્થિતિ હાલ તો પેદા થઈ છે.

# અરવલ્લી જિલ્લા કલેક્ટરે બંધ સીસીટીવી કેમેરા ચાલુ કરાવ્યા

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીમાં એન.એ. કરાવવા માટે તથા અન્ય જમીનોના દસ્તાવેજના વહીવટો કરવા માટેના એજન્ટોનો રાફડો ફાટી નીકળ્યો હતો. તેમાના અમુક એજન્ટોએ કલેક્ટર કચેરીની ચેમ્બર તથા મુખ્ય માર્ગ પરથી પ્રવેશ માટેની જગ્યાએ મુકવામાં આવેલા કેમેરા ઈરાદાપૂર્વક બંધ કરાવી દીધા હતા. નવા કલેક્ટરે ચાર્જ સંભાળતાની સાથે કેમેરા બંધ હોવાની વાત ધ્યાનમાં આવતાં કલેક્ટરશ્રી દ્વારા તાત્કાલિક કેમેરા ચાલુ કરવાના આદેશ આપવામાં આવ્યા હતા.

આધારભુત સુત્રોના જણાવ્યા અનુસાર અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીમાં પૂર્વ કલેક્ટર બી.જે. ભટ્ટના શાસનમાં જમીન એન.એ. કરાવવા માટેના ખાસ જનતાના બે-ત્રણ દલાલોએ અડ્ડો જમાવ્યો હતો. એન.એ.ની ફાઈલ કહેવાતા સક્રિય દલાલો દ્વારા રજૂ કરવામાં આવે તો એન.એ.નું કામકાજ સરળ બની જતુ હતુ. આ દલાલો તથા આ દલાલોની સાથે સાંઠગાંઠ ધરાવતા અમુક કર્મચારીઓની મેળાપણાથી અરવલ્લી કલેક્ટર કચેરીની ચેમ્બર આગળ તથા મુખ્ય માર્ગેથી કલેક્ટર કચેરીમાં પ્રવેશવા વપરાતા ગેટ નં. ૧ આગળની દિવાલમાં લગાડેલ મુવેબલ સીસીટીવી કેમેરો બંધ કરી દેવામાં આવ્યો હતો. જેના લીધે આ બન્ને મહત્વની જગ્યા પર દલાલો તથા કર્મચારીઓની લેતીદેતી પકડાતી ન હતી. પ્રથમ-૧ના ગેટ પાસેજ અમુક દલાલ તથા કર્મચારીઓ ખુલ્લેઆમ રૂપિયાની લેતીદેતી કરતા હતા પણ સીસીટીવી કેમેરા બંધ હોવાના કારણે કાળા કરતૂત રેકોર્ડ થતા ન હતા. આ બન્ને કેમેરા ઈરાદાપૂર્વક દલાલોએ બંધ કરી દિધા હોવાની ચર્ચાએ મોડાસા નગરમાં ચકચાર મચાવી હતી.

ગુજરાતીમાં કહેવત છે કે ખોટુ થોડા દિવસો જ ચાલે તે મુજબ પૂર્વ કલેક્ટર બી.જે. ભટ્ટ બદલાતા તેમના સ્થાને ઈમાનદાર છબી ધરાવતા નવા કલેક્ટર સી. છાકછુઆક આવતાં જ દલાલોમાં ફફડાટ ફેલાયો હતો. આ ઉપરાંત બે-ત્રણ દિવસ પહેલા અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીમાં ગ્લાસ તુટી ગયો હતો. આ ગ્લાસ કેવી રીતે તુટ્યો તે જાણવાનો નવા કલેક્ટરે પ્રયાસ કર્યો ત્યારે ચેમ્બર આગળનો જ ગેટ નં. ૧ નો સીસીટીવી કેમેરા બંધ હોવાનુ માલુમ પડ્યું હતું. જેથી નવા કલેક્ટરે આદેશ કરતા બન્ને કેમેરાનું રેકોર્ડીંગ ચાલુ કરી દેવામાં આવ્યું હતું. આમ દલાલો તથા કર્મચારીઓની મીલીભગત પણ પકડાઈ જવાની શક્યતા વધી ગઈ છે. આમ નવા જિલ્લા કલેક્ટર અમુક કર્મચારીઓ ખોટા કામો કરવા જાણીતા છે ત્યારે જોઈ સમજી વિચારીને નિર્ણય લે તેવો પ્રજાનો મત છે.

# બોર્ડ પરીક્ષા આપનારને ૫ શાળામાં નંબર અપાયા છે

## પાંચ-પાંચ શાળામાં બેઠક વ્યવસ્થા બોર્ડ દ્વારા ફાળવવામાં આવતા વિદ્યાર્થીના માતા-પિતા,વાલીઓને પણ તકલીફ

અમદાવાદ, તા.૯

રાજયભરમાં લેવામાં આવનાર ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની હોલ ટીકીટોની વહેચણ કરી દેવામાં આવી છે. જો કે, આ હોલ ટીકીટોની વહેચણી સાથે બેઠક દ્વારા કેટલાક વિદ્યાર્થીઓએ પાંચ-પાંચ શાળાઓમાં બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવી છે. જેનાં કારણે પરીક્ષા સમયેજ વિદ્યાર્થીઓ કફોટી સ્થિતિમાં મુકાઈ ગયા છે. પ્રાપ્ત થતિ માહિતિ મુજબ સામાન્ય રીતે બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓને એક અથવા બે શાળામાં બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવે છે. જો કે અમદાવાદનાં બાપુનગર વિસ્તારમાં આવેલી ગાયત્રી વિદ્યાલયમાં ધોરણ-૧૨ આર્ટસમાં અભ્યાસ કરતા સાત વિદ્યાર્થીઓને એક-બે નહીં પરંતુ પાંચ અલગ અલગ શાળાઓમાં બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવતા આ વિદ્યાર્થીઓ મૂઝવણમાં મુકાઈ ગયા છે. એક તરફ ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓને પરીક્ષા આપવાનું ટેન્શન હોય છે. વાંચનમાં વધુમાં વધુ સમય ફાળવવાનો હોય છે.ત્યારે આવા સમયે વિદ્યાર્થીઓને આર્ટસનાં છ વિષયોની પરીક્ષા માટે પાંચ અલગ અલગ શાળાઓમાં ભટકવાનો વારો આવતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. વિદ્યાર્થીઓએ દર વિષયની અલગ અલગ પરીક્ષા માટે અલગ-અલગ શાળામા નંબરને કારણે સમયનો વ્યય થતો હોવાનું પણ વિદ્યાર્થીઓમાં ચર્ચાઈ રહ્યું છે. જેનાં કારણે વિદ્યાર્થીઓ દ્વારા આ બાબતે શાળા સંચાલકોને રજૂઆત કરવામાં આવી હતી. જયારે શાળા સંચાલકોએ પણ આ મુદ્દે બોર્ડના અધિકારીઓને રજૂઆત કરવાની બાંહેધરી આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે દર વખતે શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષામાં વ્યવસ્થામાં કોઈ છબરડા ન થવા દેવાની બાંહેધરી આપવામાં આવે છે. જો કે તેમ છતાં છબરડા યથાવત રહેતા હોય છે. ત્યારે આ વખતે પરીક્ષા સધુ કેટલા છબરડા સામે આવે છે. તેતો જોવું જ રહેવું.

# હિંમતનગરમાંથી ક્રિકેટ પર સટ્ટો રમતા ત્રણ ઝડપાયા

વિશ્વ ક્રિકેટ ચાલુ થયા બાદ તેની પર સટ્ટો રમાતો હોવાને લઈને આરઆરસેલ ગાંધીનગર વિભાગે રવિવારે સાંજે સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરમાં રેડ કરી ત્રણ જણા ને ઝડપી પાડ્યા હતા જયારે એક ભાગી ગયેલ જે અંગે હિમતનગર એ-ડીવીઝન પોલીસ મથકે ચાર વિરુદ્ધ ગુનો નોધી ત્રણેય ને જેલ હવાલે કરેલ જેમને સોમવારે સાંજે કોર્ટમાં રજુ કરતા જમીન પર છુટ્યા હતા

આ અંગેની વિગત એવી છે કે ગાંધીનગર આર આર સેલ ના ઈન્ચાર્જ -ડીવાયએસપી- ડી.એસ.ચૌહાણ અને પીઆઈ - ડી.એમ.ઢોલને મળેલ બાતમી આધારે રવિવારે સાંજે હિમતનગર ના મહાવીરનગર વિસ્તારમાં ગાયત્રી મંદિર માર્ગ પર આવેલ મોટાભાઈ કોમ્પ્લેક્ષ માં ભોયરામાં આવેલ દુકાનમાં રેડ કરી હતી જયાં પોતાના અંગત ફાયદા સારું સિડનીના ક્રિકેટ સ્ટેડીયમ ખાતે રમાતી ઓસ્ટ્રેલીયા અને શ્રીલંકા ની ટીમ વચ્ચે રમાતી વર્લ્ડ કપની મેચમાં મોબાઈલ ફોન પર સંપર્ક કરી મેચના હારજીતનો ક્રિકેટ સટ્ટા બેટિંગના સોદાઓ કરી નાણાની હારજીત કરી પાછળ થી હવાલાઓ ધ્વારા નાણા ની આપલે કરી ક્રિકેટ સટ્ટા બેટિંગનો જુગાર રમતા જયાંથી હિમતનગર ના મહાવીરનગરમાં આવેલી દુર્ગા સોસાયટીમાં રહેતા દીપેનભાઈ અશોકભાઈ રાવલ,પ્રાંતિજ તાલુકાના આરસોડા ગામના ગોસ્વામી ફળિયામાં રહેતા જયદીપભાઈ રાજેન્દ્રપુરી ગોસ્વામી,અને હિમતનગર ના બેરણા માર્ગ પર આવેલ અક્ષરધામ બંગ્લોઝ માં રહેતા વિકાસભાઈ સત્યનારાયણ શાહ ત્રણ ઝડપાયા હતા જેમના પાસસે થી રોકડ ૪૦ હજાર ૧૪૦ પકડાઈ હતી અને ૫ મોબાઈલ પણ મળી આવ્યા હતા જેથી પોલીસે કુલ રૂ ૬૭ હજાર ૨૪૦ નો મુદ્દામાલ કબજે લઈને પકડાયેલ તથા નાસી ગયેલ અમદાવાદના બાપુનગરમાં રહેતા હિતેશભાઈ સહીત ચાર વિરુદ્ધ હિમતનગર એ ડીવીઝન પોલીસ મથકે પીઆઈ -ડી એમ ઢોલ ની ફરિયાદ આધારે ગુનો નોધી પકડાયેલ ત્રણ ને જેલ હવાલે કરેલ અને સોમવારે સાંજે હિમતનગર કોર્ટમાં રજુ કરતા ત્રણે જમીન પર છુટ્યા હતા.

## શબ્દાવલી - ૫૮૬૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ■ | | ■ | |
| ૭ | | | ■ | ૮ | | ■ | |
| ■ | ■ | ૯ | ૧૦ | | | ■ | |
| ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | ■ |
| | ■ | ૧૪ | | | ■ | ૧૫ | ૧૬ |
| | ■ | ૧૭ | | ■ | ૧૮ | | |
| ૧૯ | | ■ | ■ | ■ | ■ | ૨૦ | |

### આડી ચાવી

૧. ભૂમિ, જમીન (૩)
૩. પ્રયોગ (૪)
૬. બાતલ, કેન્સલ (૨)
૭. આયોજન (૩)
૮. રખ્યા (૨)
૯. શાયરો - કવિઓની મહેફિલ (૪)
૧૧. દીદી-ભગીની (૨)
૧૨. ચામડીનો રોગ (૨)
૧૪. કંજુસ, લોભી (૩)
૧૫. શાકમાં... કરવો, રસવાળું (૨)
૧૭. શાળાના અભ્યાસનો સમયગાળો (૨)
૧૮. દુનિયા, જગ (૩)
૧૯. જીવ (૨)
૨૦. ત્રણ, એક-દો... ચાર.(૩)

### ઊભી ચાવી

૧. ગાર્ડ, જાણકાર (૩)
૨. કારસ્તાન (૪)
૪. શોક પ્રદર્શિત કરવો,... કરવો(૪)
૫. રોગનો ફેલાવો થવો (૪)
૮. ગાંધીનગર પાસેનું એક ગામ (૪)
૧૦. ક્રેડિટ કાર્ડ, શાખ દર્શાવતો પત્ર (૪)
૧૧. વાજાવાળાઓનો સમુહ(૪)
૧૩. છૂટાછેડા, તલાક (૪)
૧૪. દુર્બળ (૨)
૧૬. પતિની ઉપપત્નિ, રખાત (૩)

### શબ્દાવલી ૫૮૬૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાખબલાઇ (૫) મખ (૭) રમત (૮) કમઠાણ (૯) કપરા (૧૧) તક (૧૩) ટૂર (૧૪) શીમલા (૧૭) આશકા (૧૮) કાલાજામ (૨૧) મકાન માલિક (૨૩) ઝુલા (૨૪) જુન (૨૫) મલુ

**ઊભી ચાવી :-** (૨) કારગત (૨) ખમ (૩) બતક (૪) ઇકરાર (૫) મઠારવું (૬) ખણ (૧૦) પટુલા (૧૨) કશીશ (૧૫) મકામ (૧૬) છમકલુ (૧૭) આરઝુ (૧૮) કાનન (૧૯) લામા (૨૦) જાલિમ (૨૨) કાજુ

# ગુજરાતમાં સ્વાઈન ફલુના નવા ૯૨ કેસની સાથે સંખ્યા ૫૭૧૫

## સ્વાઈન ફ્લુના લીધે જાન્યુઆરી બાદથી મોતનો આંકડો વધીને ૩૪૭ સુધી પહોંચ્યો : અમદાવાદમાં સ્વાઈન ફ્લુના નવા ૨૨ કેસો સપાટી પર આવ્યા

અમદાવાદ, તા. ૯

ગુજરાતમાં સ્વાઈન ફલુના નવા ૯૨ કેસો આજે નોંધાયા હતા. જેમાં અમદાવાદમાં ૨૨ કેસોનો સમાવેશ થાય છે.નવા ૯૨ કેસોની સાથે જ જાન્યુઆરી બાદથી કુલ કેસોની સંખ્યા વધીને હવે ૫૭૧૫ સુધી પહોંચી ગઈ છે. જ્યારે વધુ ૫ લોકોના મોત સાથે મોતનો આંકડો વધીને ૩૪૭ સુધી પહોંચી ગયો છે. સારવાર બાદ સંપૂર્ણપણે સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા વધીને ૪૪૦૮ સુધી પહોંચી ગઈ છે. આજે જે પાંચ લોકોના મોત થયા છે તેમાં અમદાવાદ, કચ્છ, રાજકોટ, જામનગર અને મોરબીમાં એક-એક વ્યક્તિના મોતનો સમાવેશ થાય છે. નવા ૯૨ કેસ નોંધાયા છે તેમાં અમદાવાદમાં ૨૨, સુરતમાં ૧૭, કચ્છમાં ૭, રાજકોટમાં ૭, મહેસાણામાં ૬, વડોદરામાં ૪ કેસનો સમાવેશ થાય છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સ્વાઈન ફલુનો ખતરો ઉભો થઈ ગયો છે. નવા વિસ્તારો પણ સ્વાઈન ફલુના સકંજામાં આવી રહ્યા છે. ગીરસોમનાથનો સમાવેશ થાય છે. પોરબંદર, નવસારીમાં પણ કેસો સપાટી પર આવ્યા છે. હજુ સુધી કિલર સાબિત થઈ રહેલા સ્વાઈન ફલુને રોકવા માટે તમામ પગલા લેવાઈ રહ્યા છે ત્યારે તેની અસર દેખાઈ રહી છે. આજે સ્વાઈન ફલુના કારણે વધુ ૫ લોકોના મોત થયા હતા. સંપૂર્ણ સારવાર લઈ ચુકેલા લોકોનો આંકડો ૪૪૦૮ ઉપર પહોંચ્યો હતો. આજે એક જ દિવસમાં વધુ ૫ લોકોના મોત થયા હતા.સ્વાઈન ફલુ રોગનો ખતરો સતત વધી રહ્યો છે. ગુજરાત ભરમાં સ્વાઈન ફલુ વધુ વકર્યો છે. વિધાનસભામાં પણ સ્વાઈન ફલુનો મુદ્દો ચમકી ચુક્યો છે. જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં નોંધાયેલા સ્વાઈન ફલુના કેસો સંદર્ભના પ્રશ્નો પ્રત્યુતર પાઠવતા આરોગ્ય રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, રાજય સરકારે સ્વાઈન ફલુ રોગ સામે ઘનિષ્ઠ અટકાયતી પગલાં લીધા છે. તેમણે જણાવ્યું કે, સ્વાઈન ફલુના અટકાયતી પગલાં માટે રાજય સરકારે ત્રિસ્તરીય વ્યવસ્થા ગોઠવી છે. સ્વાઈન ફલુના રદય અટકાયતી પગલાં સંદર્ભે મંત્રીએ જણાવ્યું હતું કે, આ રોગના ત્વરિત અને વિનામુલ્યે નિદાન માટે રાજય સરકાર ઘનિષ્ઠ વ્યવસ્થા કરી છે. વિષય નિષ્ણાંત તબીબી, ખાનગી હોસ્પિટલના નિષ્ણાંત ડોકટરો, સુપર સ્પેશિયાલીટી ડોકટરો વગેરે સાથે સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઈ.ઈ.સી. ટ્રીટમેન્ટ ગાઈડ લાઈન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંતી કરી છે. સ્વાઈન ફ્લુના કેસો હજુ વધુ ઘટે તેવા સંકેત છે. કારણ કે તાપમાનમાં હવે વધારો થઈ રહ્યો છે અને ઠંડી ઓછી થઈ રહી છે. સ્વાઈન ફલુને રોકવા માટે જનજાગૃતિ માટેના પ્રયાસો ચાલી રહ્યા છે. લોકોને મફતમાં દવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. હાઈકોર્ટે હાલમાં જ તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલને કડક સુચના આપીને અસરગ્રસ્ત લોકોને સારવાર આપવા માટે સુચના આપી હતી.

## વૃક્ષો કપાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભા ગૃહમાં માણસાના ધારાસભ્ય અમિત ચૌધરીએ વનમંત્રીને પુછેલા પ્રશ્નના જવાબમાં જણાવાયા મુજબ જિલ્લામાં કુલ ૨૦ નર્સરીઓ છે. આ પૈકી દહેગામમાં ૪, માણસામાં ૫, ગાંધીનગરમાં ૯ અને કલોલમાં ૨ નર્સરીમાં રોપા ઉછેર કરવામાં આવે છે. છેલ્લા એક વર્ષમાં નર્સરીઓમાં કુલ ૩૨.૩૧ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ પૈકી ૩૧.૧૨ લાખ રોપાઓ જીવિત છે.નર્સરીઓમાં રોપા ઉછેર માટે કુલ રૂ. ૪૪.૪૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. સૌથી વધુ જીવિત રોપા જ-૭ સ્થિત ૪.૨૮ લાખ વનચેતના કેન્દ્રમાં છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ૧૦,૫૧૦ વૃક્ષો કાપવામાં આવ્યા છે. આ પૈકી વર્ષ ૨૦૧૩માં ૬૭૬૫ અને વર્ષ ૨૦૧૪માં ૩૭૪૫ વૃક્ષો કપાયા છે. ગેરકાયદેસર વૃક્ષો કાપવાના મામલે ૩૪ કેસો કરવામાં આવ્યા છે જે અન્વયે રૂ. ૯૫,૭૫૦નો દંડ વસુલવામાં આવ્યો છે. કાપવામાં આવેલા આ વૃક્ષોના લાકડાની હરાજીમાંથી વન વિભાગને રૂ. ૩૮,૩૫,૨૬૦ની આવક થઈ છે.

## અનાજ સંગ્રહની ક્ષમતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપાડ કર્યો હતો.અને ૪૧૫૦ પ્રતિ મે.ટન ઘઉં માટે અને ૫૬૫૦ પ્રતિ મે.ટન ચોખા માટે રાજય સરકારે ચૂકવણી કરી હતી. આ ઉપરાંત એ.પી.એલ વર્ગ માટે કેન્દ્ર સરકારે ૯૯૨૨૨૦ મે.ટન ઘઉં એ ૧૮૮૩૪૦ મે.ટન ચોખાની કરાયેલી ફાળવણી સામે રાજય સરકારે ૭૭૫૪૨૦ મે.ટન ઘઉં ૯૪૮૨૩ મે.ટન ચોખાની પ્રતિમે.ટન ચૂકવણી રાજય સરકારે કરી છે. રાજયમાં અનાજ સંગ્રહ ક્ષમતા વધારાવા ૪૦ નવા ગોડાઉન બંધાશે તેવી વિગત આપતા મંત્રી એ જણાવ્યું હતું કે, રાજયમાં નવા ગોડાઉન બાંધવા જૂના ગોડાઉનોની મરામત બાદ સંગ્રહક્ષમતા વધારવી નાબાર્ડની સહાયથી અન્ય ગોડાઉનો તૈયાર કરવા સહિતના પગલા દ્વારા આવનારા દિવસોમાં સંગ્રહ ક્ષમતા ૩.૮૫ લાખ મે.ટન વધારવાનું આયોજન છે.